મહેસૂલ વિભાગના વોટર ટેન્કરો
પીવાના પાણીની વ્યવસ્થા માટે
સ્થાનિક સંસ્થાઓને ફાળવવા બાબત

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
ઠરાવ ક્ર. અછત/૧૦૮૮/૨૧૮૮/સ.૫.,
સચિવાલય, ગાંધીનગર
તા.૪/૩/૮૯

સંદર્ભ : (૧) ઠરાવ ક્રમાંક : એસસીવાય/૧૩૭૪/૭૦૮૬૦/સ, તારીખ. ૧૫/૧૨/૮૪
(૨) વોટર ટેન્કરઓર્ગેનાઈઝેશન, મહેસૂલ વિભાગ, ગાંધીનગરની તા.૮/૯/૮૮ની નોંધ નં.પીબી/રેન્જ/ ૧૫૪૨/૮૮,

<u>ઠરાવ :</u>

મહેસૂલ વિભાગ હસ્તકના વોટર ટેન્કરો ઉપરોક્ત સંદર્ભમાં જણાવેલ વિભાગના તા.૧૫/૧૨/૮૪ ના ઠરાવની જોગવાઈ અનુસાર મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, નગર પંચાયતો, જિલ્લા પંચાયતો જેવીસ્થાનિક સંસ્થાઓનેપીવાનાપાણીની વ્યવસ્થા માટે ટેન્કર દીઠ રોજના રૂા.૧૦૦ (ઓકસો) લેખેભાડેથી ટેન્કરો ફાળવવામાં આવે છે. તેનેબદલે આ ટેન્કરોનું ભાડું ટેન્કર દીઠ રોજના રૂા.૩૦૦/- (રૂપિયા ત્રણ સો પુરા) લેખે લેવાનું તથા સરકારી ખાતાઓ માટે રોજનારૂા.૨૨૦/- (બસો વીસ) લેખે લેવાનું આથીઠરાવવામાં આવે છે. જે જિલ્લા પંચાયતોને ધી ગુજરાત રિલીફ મેન્યુઅ-વોલ્યુમ-૨ ના કકરા-૨૬૭(૪)ની જોગવાઈ અનુસાર અથવા તો જે તે સમયે પીવાના પાણીની પરિસ્થિતિનાસંદર્ભમાં સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણવિભાગ કે મહેસૂલ વિભાગનાહૂકમો અનુસાર જિલ્લા પંચાયતો પાસેથી નોમીનલ દૈનિક રૂપિયા એક કે તેવો ખાસ દર નક્કી કરાયો હોય તો તેમના કિસ્સામાં આ હૂકમથી ઠરાવેલ રૂા.૩૦૦/- નો દર લાગુ નહીં પડે.

૨. તેમ છતાં પણ સ્થાનિક સંસ્થાઓપાસેથી તેમને ફાળવેલ ટેન્કરોની મુદત વીત્યા પછી પણ બીન-અધિકૃત રીતે રાખેલ ટેન્કરોનુંભાડું ટેન્કર દીઠ ખાતાકીય દરે લેવામાં આવશે, જો કેઆ ભાડું દંડનીય રીતે જ લેવામાં આવશે અને તે રીતે ભાડું વસુલ કરવાને કારણે સ્થાનિક સંસ્થાઓને બિન અધિકૃત રીતે રાખેલ ટેન્કરનો કબજો નિયમિત નથી થઈ જતો. ઉપર નિર્દેશ કરેલી સ્થાનિક સંસ્થાઓને પીવાના પાણી માટે ટેન્કર ફાળવવામાં આવે ત્યારે ફાળવણીના હૂકમમાં આ ફકરાની જોગવાઈનોસ્પષ્ટ નિર્દેશ કરવો જરૂરી છે.

૩. વોટર ટેન્કરોના ભાડાની આવક અંદાજપત્રના મુખ્ય સદર ૦૨૫૨ અન્ય સામાજીક સેવાઓ, ગૌણ સદર- બીજી આવક, પેટા સદર બીજી આવક હેઠળજમા કરાવવાની રહેશે.

૪. આ ઠરાવનોસમય આ ઠરાવ કરવામાં આવ્યાની તારીખથી કરવાના રહેશે.

૫. આ હૂકમો આ વિભાગની ફાઈલ ક્ર. છ અછત/૧૦૮૮/૨૧૮૮/સ.૫. પર નાણાંકીય સલાહકારશ્રીની તા.૭/૨/૮૯ના રોજ મળેલ સંમત્તિ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે

સેક્શન અધિકારી,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ

- સર્વે કલેક્ટરશ્રી
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- અધિક્ષક ઈજનેરશ્રી, યાંત્રિક વર્તુળ, (મકાન અને માર્ગ વ્યવહાર વિભાગ) એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ કંપાઉન્ડ, અમદાવાદ-૩૮૦૦૧૫
- કાર્યપાલક ઈજનેરશ્રી, વોટર ટેન્કર વિભાગ, બ્લોક નં.૧૧, સચિવાલય, ગાંધીનગર
- નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, વોટર ટેન્કર પેટા વિભાગ, ઓઢવ, અમદાવાદ, રાજકોટ, ભૂજ, જામનગર
- નાણાંકીય શાખા, મહેસૂલ વિભાગ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ,
- રાહત નિયામકશ્રી, મહેસૂલ વિભાગ,
- વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- પંચાયત ગ્રામ્ય ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શહેરી ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- નાણાં શાખા, મહેસૂલ વિભાગ/વિશિષ્ટ ફાઈલ